કામિની દોષી
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
નોર્થ ઝોન (કતારગામ)

નોર્થઝોન/આઉટ/નં.૮૭૯૭
તા. ૦૭/૧૨/૨૦૨૪

પ્રતિ,

ઈજારદારશ્રી

....................

....................

વિષય :– નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં મકરસંક્રાતિ–૨૦૨૫ દરમ્યાન સ્ટ્રીટલાઈટ પોલના ગાળા વચ્ચે મેટલ તાર બાંધવાનું તેમજ ઉતારવાની કામગીરી બાબત.

મહાશય,

ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે નોર્થઝોન(કતારગામ) વિસ્તાર માં આગામી મકરસંક્રાતિ–૨૦૨૫ દરમ્યાન રાહદારીઓને પતંગના તુટેલા દોરાથી થતા અકસ્માતો ઓછા થાય તે હેતુસર જાહેર ટી.પી. રસ્તાઓ પૈકી રોડની મધ્યમાં આવેલ સ્ટ્રીટલાઈટ પોલ, વિવિધ બ્રીજો તેમજ ફલાય ઓવર બ્રીજો પર જરૂરી ઉચાઈએ મેટલ તાર બાંધવાના તેમજ ઉતારવાના કામ માટે ભાવ પત્રક નીચે જણાવ્યા મુજબના ફોર્મેટમાં ભરી સીલ બંધ કવરમાં અત્રેની કચેરીયે તા.૧૩/૧૨/૨૦૨૪ સાંજે ૬:૦૦ કલાક નીચે સહી કરનારને મળે એ રીતે મોકલવાના રહેશે.( કવર ઉપર વિષય તેમજ કામનું નામ લખવું. )

નોંધઃ અંદાજીત મીટરઃ– ૧,૦૦,૦૦૦

| અનું નં. | વિગત | ભાવ પ્રતિ મીટર રૂા. ( જી.એસ.ટી સહિત ) |
|---|---|---|
| ૧ | 2.00 mm dia મેટલ તાર | |

## શરતો

(૧) સદરહુ કામગીરીમાં વાયર લગાડવાની અને કાઢવાની તથા તેને આનુસાંગિક કામગીરીઓ માટે વધારાની કોઈ રકમ ચૂકવવામાં આવશે નહી અને આ સાથે સામેલ કરેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) ઉપરોકત ભાવપત્રક મંજુર થયેથી,વર્કઓર્ડરમાં જણાવેલ તારીખથી કામગીરી શરૂ કરી ૦૭ દિવસમાં તાર બાંધવાની અને તહેવાર પુરો થયા બાદ મ.ન.પા ના સુચ્વયા બાદ દિન –૧૦ માં તાર કાઢવાની કમગીરી પુરી કરવાની રહેશે.આ કામ નિયત સમયમર્યાદામાં પુર્ણ થાય તે અંગે ખાસ તકેદારી રાખવાની રહેશે.જેથી તે મુજબની કામની પ્રગતિ અચુક રાખવા નોધ લેશો.

(૩) ઈજારદારે પોતાને કરવાની કામગીરીની સંપુર્ણ જાણકારી સ્થળ નિરીક્ષણ કરી મેળવી લેવાની રહેશે.

(૪) સદર કામમાં ઈજારદારે મંજુર ટેન્ડરના ૨.૫ % પ્રમાણે સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૫) સદર કામગીરી માટે આપની પેઢીએ સુરત મહાનગરપાલિકા સાથે એગ્રીમેન્ટ કરવાનો રહેશે. એગ્રીમેન્ટ, સ્યોરીટી તથા અંડરટેકીંગ માટે રૂા.૩૦૦/–ની કિંમતના ગુજરાત રાજયના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર અત્રે રજૂ કરી એગીમેન્ટની કાર્યવાહી પૂરી કરશો. સ્ટેમ્પ પેપર છ મહિનાથી વધુ જૂના ખરીદાયેલ હોવા જોઈએ નહિ.

(૬) આ પત્ર મળ્યેથી કામ શરૂ કરવા માટે કામની લાઈન/માર્ગદર્શન સલાહ– સુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે.ઈજનેર/જુની. ઈજનેરનો સંપર્ક સાધવા નોંધ લેશો.

(૭) કોઈપણ ઓફર/ભાવ સ્વીકારવા કે રદ કરવા માટે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

(૮) અસફળ કામગીરી સામે ઈજારો ટર્મીનેટ કરવાનો અધિકાર મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે.અને ઈજારદારે બાનાની રકમ તરીકે ભરેલ રકમ પરત ન કરતાં જપ્ત કરવામાં આવશે.

(૯) કામગીરી દરમ્યાન ટ્રાફીકને અવરોધ ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. તદઉપરાંત જરૂરીયાત જણાયે ડે.ઈજનેરશ્રી /જુની.ઈજનેરશ્રી સાથે પરામર્શ કર્યા બાદ, કામગીરી દરમ્યાન બ્રીજ/રોડને વાહનવ્યવહાર સારૂ બંધ કરવા માટે પુરતી મજબૂતાઈનું જરૂરિયાત અનુસારનું બેરીકેડીંગ સ્વખર્ચે કરી સલામતીના તમામ પગલાઓ લેવાના રહેશે.

(૧૦) કામગીરી દરમ્યાન બ્રીજનાં હયાત બાંધકામને નુકશાન કે તુટફુટ ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે તેમ છતાં આકસ્મિક રીતે હયાત બાંધકામને નુકશાન થશે તો તેવા સંજોગોમાં ઈજારદારે સ્વખર્ચે તમામ રીપેરીંગ કરવાનું રહેશે. જેનું સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ ચુકવણું કરવાનું રહેશે નહી.

(૧૧) બ્રીજ પર તેમજ રસ્તાઓ પર સુચવ્યા મુજબ તાર બાધવાની કામગીરી કર્યાબાદ,સમયાંતરે તાર તુટવાની કે અન્ય કોઈ રીતે તાર દુર થાય તો ફરીથી તાકીદે તાર બાંધી આપવાના રહેશે.ઈજારદારે પણ સમયાંતરે જરૂરી ચકાસણી કરવાની રહેશે.

(૧૨) કામગીરી દરમ્યાન બ્રીજ પર કે બ્રીજ નીચે ચાલતા વાહન વ્યવહારને નુકશાન / અકસ્માત ન થાય તે બાબતની પુરતી તકેદારી રાખી સલામતીનાં તમામ પગલા લેવાનાં રહેશે.અન્યથા ઉપસ્થિત થનાર પરિસ્થિતિની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૩) ઈજારદારના કામદાર/કર્મચારીઓને કોઈ અકસ્માત થાય કે ઈજા થાય તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને તમામ સલામતીના પગલાં લેવાના રહેશે.

(૧૪) ઈજારદાર બ્રીજ પર બાંધવામાં આવેલ વાયરોને સ્વખર્ચે દૂર કરવાના રહેશે. વાયરો દૂર થયા બાદ જ બીલ ની ચુકવણી કરવામાં આવશે.

(૧૫) સદર કામ શરૂ કરતી વખતે સ્થળ ઉપર કામ કરતા કામદારો /મજુરોમાં બાળમજુરો કામે રાખવાના નહી.જો સદર કામમાં બાળ મજુરો કામે રાખશો તો તે અંગેની ઉપસ્થિત પરિસ્થિતિની તમામ જવાબદારી એકમાત્ર ઈજારદારની રહેશે.તેમ છતા બાળ મજુરો રાખવામાં આવશે તો રૂા.૨૦,૦૦૦ /– વસુલ લઈ ચાઈલ્ડ રીહેબીલીટીટેશન–કમ–વેલ્ફર ફંડ ખાતે કલેકટરશ્રીને જમાં કરાવવામાં આવશે.જેની સ્પષ્ટ નોધ લેશો.

(૧૬) ઈજારદારેશ્રીએ આ પ્રકારની કામગીરીને લાગુ પડતા સરકારશ્રીના તમામ પ્રર્વતમાન કાયદા તથા નિયમોને ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૭) સ્થળ ઉપર થયેલ ખરેખર કમગીરી મુજબ ચુકવણુ કરવમાં આવશે.

--S.D--
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન(કતારગામ)
સુરત મહાનગરપાલિકા